અપીલ અરજી નં.૧૨૧ તા.૧–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૭–૫–૧૦ નીઅરજીથી (૧) વેસ્ટઝોન તરફથી આપેલ યાદીમાં દર્શાવેલા બાંધકામ ધારકોને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ નોટીસોની નકલો આપશો.(૨) આ નોટીસો આપ્યા બાદ પણ બાંધકામધારકોને નોટીસમાં જણાવ્યા મુજબનું બાંધકામ દુર ના કર્યુ હોય તો ત્યારબાદ તેઓની વિરૂધ્ધ આપના વિભાગે શું શું કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો.(૩) ગેરકાયદેસર ઉભુ કરેલ બાંધકામ બંધ કરવાની કે દુર કરવા અંગેની અરજી આપ્યા બાદ પણ બાંધકામધારક તે નોટીસનું પાલન ના કરે તો તે બાંધકામધારક વિરૂધ્ધ આપના વિભાગે શું શું કાર્યવાહી કરવાની હોય છે? તે કાર્યવાહી આ બાંધકામધારક વિરૂધ્ધ કરી છે કે કેમ? તેની વિગતો આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૨૧/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૭–૫–૧૦ નીઅરજીથી (૧) વેસ્ટઝોન વિસ્તારમાં આવેલ યાદીમાં દર્શાવેલા બાંધકામ ધારકોને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ નોટીસોની નકલો આપશો.(૨) આ નોટીસો આપ્યા બાદ પણ બાંધકામધારકોને નોટીસમાં જણાવ્યા મુજબનું બાંધકામ દુર ના કર્યુ હોય તો ત્યારબાદ તેઓની વિરૂધ્ધ આપના વિભાગે શું શું કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. (૩) ગેરકાયદેસર ઉભુ કરેલ બાંધકામ બંધ કરવાની કે દુર કરવા અંગેની અરજી આપ્યા બાદ પણ બાંધકામધારક તે નોટીસનું પાલન ના કરે તો તે બાંધકામધારક વિરૂધ્ધ આપના વિભાગે શું શું કાર્યવાહી કરવાની હોય છે? તે કાર્યવાહી આ બાંધકામધારક વિરૂધ્ધ કરી છે કે કેમ? તેની વિગતો આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આ./૧૮૨ તા.૨૫–૬–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૬૭ તા.૭–૭–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૦૧ તા.૨–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં આપેલ માહિતી પત્ર વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૧૮૨ તા.૨૫–૬–૧૦ ના પત્રની નકલ તથા વેસ્ટઝોનના બાંધકામ ધારકોને આપેલ નોટીસ અને કરેલી કાર્યવાહીની યાદીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૭–૫–૧૦ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૧૮૨ તા.૨૫–૬–૧૦ થી અરજદારને મુદ્દા નં.૧ અને ૨ બાબતે ઈન્સ્પેકશન પુરું પાડવા જણાવેલ. જયારે મુદ્દા નં.૩ બાબતે આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી જ આપવાની થાય છે તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના આધાર તરીકે અરજદારે નમુના –ઘ ની નકલ જેમાં રેકર્ડ ચકાસણી માટે બોલવવામાં આવેલ છે. અમે રેકર્ડ ચકાસણી કરવાનું જણાવેલ નથી ફકત નકલો જ માંગી છે અને બીજુ એ કે જાહેર માહિતી અધિકારીએ આ પત્ર તા.૨૫–૬–૧૦ ના રોજ મોકલેલ છે. જેમાં ઓલરેડી સમય મર્યાદા તો આમે જ પૂર્ણ થાય છે તેથી અમે માંગેલી નકલો વિના મુલ્યે અપાવવા રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ આપેલી માહિતી જોતાં અરજદારને ૩૦ માં દિવસે માહિતીનો પત્ર પૂરો પાડવામાં આવેલ છે. જેમાં અરજદારને મુદ્દા નં.૧ અને ૨ માટે ઈન્સ્પેકશન આપેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં થતી માહિતીના સદર્ભે આરટીઆઈ એકટની કલમ–૭(૯) મુજબ સમાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં પૂરી પાડવી જોઈશે સિવાય કે તેનાથી જાહેર સત્તા મંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા પ્રશ્ન હેઠળના રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય.

" આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ ધ્યાને લેતાં માંગવામાં આવેલી માહિતી એટલી વ્યાપક સ્વરૂપની હોય અને ઉપલબ્ધ દફતર પરથી માંગેલ માહિતી અલગ નિભાવવાની ન હોય અગર અરજદારે માંગેલ સ્વરૂપમાં ઉપલબ્ધ ન હોય અને અલગ તારવી શકાય તેમ ન હોય તેવા સંજોગોમાં જાહેર માહિતી અધિકારી ઈન્સ્પેકશન આપી શકે ."

જયારે મુદ્દા નં.૩ અંગે જાહેર માહિતી અધિકારીએ રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે તેવું જણાવેલ છે. અરજદારે મુદ્દા નં.૧ અને ૨ માં મુળ અરજી ધ્વારા સ્વયં સ્પષ્ટ નોટીસો અને કરેલ કાર્યવાહીની નકલો માંગેલ છે. અરજદારે રજૂ કરેલ યાદી જે જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડેલ છે. તે ધ્યાને લેતાં સમયગાળો ૨૦૦૮ અને ૨૦૦૯ નો છે. તેથી કલમ–૭(૯) ની જોગવાઈ અનુસાર અપવાદ હેઠળ સમાવિષ્ટ થતું દફતર પ્રથમદર્શી રીતે જણાતું નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા અપીલ તબકકે પૂરક વિગતોમાં પણ આવી કોઈ રજૂઆત કરેલ નથી તે ધ્યાને લેતાં અરજદારે માંગેલ વિગતેની નકલો નિયત ફી વસુલ લઈ પૂરી પાડવાની રહેતી હતી. જે જાહેર માહિતી અધિકારી ધ્વારા અનુસરેલ જણાતું નથી. મુદ્દા નં.૩ નો પૂર્વાધ ભાગ નિયમ ભંગના કિસ્સામાં કરવા જોગ કાર્યવાહી જે સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવે તે તથા ઉત્તરાર્ધ ભાગ તેવી કાર્યવાહી ની વિગતોની માંગણી કાયદાના હેતુ પારદર્શિતા તથા જવાબદારીના ઉપલક્ષ્યમાં આપવા પાત્ર રહે. જે અપાયેલ નથી. કે ઈન્કાર માટે કોઈ અપવાદ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૭–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે ત્રણે ત્રણ મુદ્દાઓ માટે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ, પ્રોફેશનલ ક્રાઈમ